**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી**

ગવર્નમેન્ટ પોલીટેકનીક કેમ્પસ, બિલખા રોડ, ખડીયા, જુનાગઢ. ગુજરાત (ભારત)

ફોન નં. : ૦૨૮૫-૨૬૮૧૪૦૦ ફેક્સ નં. : ૦૨૮૫-૨૬૮૧૫૦૮

Website : http://www.bknmu.edu.in Email. : registrar@bknmu.edu.in


**પરિપત્ર :-**

વિષય: રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગષ્ટ-૨૦૧૭ના રોજ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંગે

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સરકારી/ ગ્રાન્ટ ઇન એઇડ/ સ્વનિર્ભર તમામ કોલેજોના આચાર્યશ્રીઓ/ અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ/ તમામ અનુસ્નાતક કેન્દ્રોના વડાશ્રીઓને જણાવવામાં આવે છે કે રાષ્ટ્રીય પર્વ ૭૧માં સ્વાતંત્ર્ય દિવસ તા:૧૫/૦૮/૨૦૧૭ના રોજ આપની સંસ્થા/કોલેજ ધ્વારા આપના કોલેજ કેમ્પસ ખાતે ધ્વજવંદનના કાર્યક્રમની ઉજવણી કરવાની રહેશે.

ધ્વજવંદન કાર્યક્રમની ઉજવણી બાદ આપની સંસ્થા/કોલેજ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજવાનો રહેશે. સ્વાતંત્ર્ય દિવસની તેમજ વૃક્ષારોપણ કાર્યક્રમની ઉજવણી અંગેનો ફોટોગ્રાફ સહિતનો અહેવાલ તા:૧૭/૦૮/૨૦૧૭ સુધીમાં ઈ-મેઈલ (academicbknmu@gmail.com) ઉપર અને હાર્ડકોપીમાં અત્રેની યુનિવર્સિટી ખાતે મોકલવાનો રહેશે.

વધુમાં ગુજરાત રાજ્યના બનાસકાંઠા, રાધનપુર તાલુકા અને બીજા જિલ્લાઓમાં ભારે વરસાદથી થયેલ તારાજી, પુરગ્રસ્ત પરિસ્થિતિને પહોંચી વળવા તથા પુરગ્રસ્ત વિસ્તારના જરૂરિયાતમંદ લોકોને સહાય મળી રહે તે માટે આપની કોલેજ /સંસ્થા તથા વિદ્યાર્થીઓ તરફથી વધુમાં વધુ ફંડ મળી રહે તે માટે અનુરોધ કરવામાં આવે છે. આપની સંસ્થા/કોલેજમાં એકત્રિત થયેલ ફંડનો 'રજીસ્ટ્રારશ્રી, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ' ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ તા: ૧૭/૦૮/૨૦૧૭ સુધીમાં મોકલવાનો રહેશે. એકત્રિત ભંડોળ "મુખ્યમંત્રી રાહત નિધિ" ખાતે કોલેજના નામ અને રકમનો ઉલ્લેખ કરી જમા કરાવવામાં આવશે.

For/ કુલસચિવ

ક્રમાંક:બીકેએનએમયુ/જોડાણ/૩૬૬૬/૨૦૧૭
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી
ગવર્મેન્ટ પોલીટેકનીક કેમ્પસ,
બિલખા રોડ, ખડીયા, જુનાગઢ.
તા:૦૯/૦૮/૨૦૧૭

પ્રતિ,
- ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોના આચાર્યશ્રીઓ/ તરફ .....

**નકલ સાદર રવાના :**
(૧) માનનીય કુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી

**નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે :**
૧) એકેડેમિક વિભાગ
૨) આઈ.ટી. સેલ તરફ વેબસાઈટ ઉપર પ્રસિદ્ધ કરવા સારૂ......